

# રંગ ગુજરાતણ

— કુમારપાળ દેસાઈ

વીસ વર્ષની કણબી કન્યા.

કાન્તાબહેન એનું નામ

કચ્છના નખત્રાણા તાલુકાના ઉગેડી ગામે એ રહે.

કચ્છની ધરતી ભારે ધીંગી.

ધરામાં પાણીની ભારે ખોટ, પણ આ ધરતીને પાણીદાર માનવીની ખોટ કદી પડી નથી !

અહીંના જુવાન જોમવાળા, ઘરડા સહુ કૌવતવાળા. અહીંની નારી મહેનતુ.

મહેનત એ જ એમનો રોટલો. મહેનત એ જ એમનો ઈમાન. મહેનત એ જ એમનું જીવન.

ધરતી એવી કે મહેનત કરે એ જ મેળવે. બાકીનાં ભૂખ્યાં રહે.

કાન્તાબહેન ખેતરમાં કામ કરે. બાળપણથી માતા–પિતાને મદદ કરે. ખેતીનું કામ એવું કે એક જણથી થાય નહીં. સહુના સહકાર વગર ચાલે નહીં.

૧૯૬૩ના એપ્રિલ મહિનાની બીજી તારીખની આ વાત છે.

કાન્તાબહેન ખેતરમાં કામ કરે. બાજુમાં એમના પતિ ગોપાળભાઈ કામ કરે. થોડે દૂર એમના સસરા ગોવિંદ મુખી ખેતીકામમાં સાથ આપે. મોટેરાંની હાજરીમાં કાન્તાબહેન લાજ કાઢીને કામ કરે. બીજાં કેટલાંક પુરુષો અને સ્ત્રીઓ પણ આ ખેતરમાં કામ કરે.

ધરતી એ આ સહુની માતા. મેઘ એ આ સહુનો દેવ.

નજીકમાં ઢોર ચરે અને આમતેમ ફર્યા કરે. કોઈ મોજીલો કચ્છી દુહા લલકારે અને મોજ કરે. દહીં–દૂધ અને રોટલા ખાય અને સહુ લહેર કરે.

સહુ આનંદમાં ડૂબ્યાં હતાં, સહુ મહેનતમાં પડયાં હતાં. એવામાં એક આફત આવી. જીવતા મોત જેવી આફત આવી.

ઘુઘવાટા કરતો જંગલી સૂવર ધસી આવ્યો.

કેવો સૂવર ?

સ્લેટિયા રંગવાળો સૂવર.

શરીર પર કડક વાળવાળો સૂવર.

પાંચ ફૂટ લાંબો સૂવર.

ત્રણ ફૂટ ઊંચો સૂવર.

વજન હતું એનું દસ–પંદર મણ.

લાંબું લચક મોં. આગળનો ભાગ સાવ ચપટો.

વળી મોં નીચે હોઠના જેવી ગોળાકાર ચામડી.

બે બાજુ ભાલા જેવા અણીદાર દાંત.

એક તો જંગલી સૂવર,

એમાં વળી ઘાયલ સૂવર.

ભારે ઝડપથી દોટ લગાવે. એના દાંત એટલે જાણે પાણીદાર છરા.

ખેતરમાં બુમરાણ મચી ગઈ. ભલભલા મરદની છાતી ધ્રૂજવા લાગી. કાયર હતા એ ભાગવા લાગ્યા. મજબૂત હતા તે સાધન ખોળવા લાગ્યા. ખેતરમાં કામ કરનારી સ્ત્રીઓ તો ભયથી છળી ઊઠી. બસ, હવે સહુના રામ રમી ગયા ! જીવતો જમદૂત આવી પહોંચ્યો. કોઈ આમ નાસે, કોઈ તેમ નાસે, જાણે કશું સાન–ભાન જ નહીં.

જંગલી સૂવર ઝનૂને ચઢ્યું હતું. કોઈ શિકારીની ગોળીથી ઘાયલ હતું. ઝનૂને ચડેલું સૂવર જંગલના રાજવી સિંહ કે હાથીને પણ ગણકારતું નથી.

કાન્તાબહેને આ ઝનૂની પ્રાણી જોયું. પણ એ પાછી પાની કરે તેવાં ન હતાં.

એ ભય જોઈને ભાગી જાય તેવાં ન હતાં.

મનોમન નક્કી કર્યું કે ભલે જાન જાય, પણ જનાવર કોઈને મારી નાંખે તેવું થવા દેવું નથી. પણ કરવું શું ? સુવરને મારવા હથિયાર જોઈએ, પણ હથિયાર મળે ક્યાંથી ? તરત એમને એક હથિયાર યાદ આવ્યું. એમણે ઘૂમટો કાઢી નાખ્યો અને હથિયાર લેવા વાડીના ડહેલા ભણી દોટ મૂકી.

એમાં એક કુહાડો હતો. ભારે વજનદાર કુહાડો. ખડતલ કાન્તાબહેને તો એને આસાનીથી ઊંચકયો અને ઊંચકીને ઊંચો કર્યો. પછી લગાવી દોટ સીધી જંગલી જાનવર ભણી.

એને જોઈને ભલભલાનાં પાણી ઊતરી જાય, પણ કાન્તાબહેનનું તો રૂંવાડું પણ ન કંપ્યું.

એ આગળ વધ્યાં. કુહાડો ઉગામ્યો. ઊંચકીને સૂવરને માથે ઝીંકયો.

જંગલી સૂવરનું માથું હાલી ઊઠયું.

ન બંદૂક, ન તલવાર ન ભાલું, ન બરછી, પણ માત્ર લાકડાં કાપવાનો કુહાડો ! હાથી–વાઘથી ન ડરનારું ઝનૂની સૂવર કંઈ આવા કુહાડાના ઘાથી ડરે ખરું ? પણ આ તો ખડતલ કાન્તાબહેનનો ઘા. સૂવરનું  માથું ભમવા લાગ્યું. એનું ઝનૂન વધી ગયું. એણે સામે જોયું. પોતાના પર ઘા કરનાર તરફ જોયું. બે પગ સહેજ ઊંચા કર્યા. માથું વીંઝીને ટક્કર લગાવવા ગયું. પાંચ ઈંચ જાડા ઝાડના થડને તોડી નાંખે તેવી ટક્કર ! જાણે હમણાં કાન્તાબહેનને ખલાસ કરી નાંખશે !

સામે હતી કચ્છની ધરતીની કણબી કન્યા. એનું હીર અજબ હતું. એ સહેજ બાજુએ હઠી.

ઝનૂને ચડેલા જંગલી સૂવર પર કાન્તાબહેને કુહાડો વીંઝયો.

સૂવરની ટક્કર ખાલી ગઈ.

જંગલી સૂવરના આવા ઝનૂનને જોઈને ચાલતાં હૈયાં બંધ થઈ જાય. ભલભલા શિકારી ખડા રહી જાય, પણ કાન્તાબહેન તો નીડરતાથી આગળ વધ્યાં.

પેંતરો બદલી  એના માથા પર ફરી કુહાડો વીંઝયો.

ફરી સૂવર પાછું હઠયું !

આ પછી તો કુહાડાના એક પછી એક ઘા કરવા લાગ્યાં !

જંગલી સૂવરનું જોર આ વીસ વર્ષની કન્યા આગળ નકામું ગયું. થોડા સમયમાં તો સૂવરને ધરતી પર ઢાળી દીધું.

કાન્તાબહેનની બહાદુરીને સહુએ બિરદાવી.

એમણે ઢોર–ઢાંખર બચાવ્યાં.

એમણે માનવજીવન બચાવ્યું.

એમણે કુટુંબીજન બચાવ્યાં.

એમને ઘા તો ઘણા પડ્યા હતા. ભૂજની હોસ્પિટલમાં લઈ જઈને એમને સારવાર અપાઈ.

વાહ રે કણબી કન્યા !

ધન્ય છે કચ્છી કન્યા !

રંગ છે તને ગુજરાતણ !

■